

# ડાન્સર, એક્ટર, મિસ ઈન્ડિયા, પ્રોડ્યુસર અને જાસૂસનાં વૈભવી જીવનથી ભિખારીન બનવાની દાસ્તાન

યાદોં કી બારાત



વર્ષ 1947, સ્થળ મુંબઈનું લિબર્ટી સિનેમા. અહીં એક કાર્યક્રમ યોજાયો હતો, જ્યાં મિસ ઈન્ડિયાની ટ્રોફી તેની વિજેતાને આપવાની હતી. આ ભારતમાં થયેલી પહેલી મિસ ઈન્ડિયા સ્પર્ધા હતી. અને પહેલો મિસ ઈન્ડિયા ટાઇટલ મળ્યો એસ્થર વિક્ટોરિયા અબ્રાહમને, જેને આપણે સિનેમાના ચાહકોએ પ્રમિલા તરીકે ઓળખી. જ્યારે પ્રમિલાનું નામ જાહેર કરવામાં આવ્યું અને તેને ટ્રોફી સ્વીકારવા માટે સ્ટેજ પર બોલાવામાં આવી, પ્રમિલા ખૂબ જ સાવધાનીથી, સાચવીને ચાલી રહી હતી. એટલા માટે નહીં કે હજારો આંખો તેના પર તાકી રહી હતી, કે મોરારજી દેસાઈ તેને ટ્રોફી આપવાના હતા, પરંતુ એટલા માટે નહીં કે તે પ્રેગનેન્ટ હતી. તેના પાંચમા બાળકને જન્મ આપવાની હતી.

તે ઘટના બાદ લગભગ 20 વર્ષ પછી, પ્રમિલાએ એક ઈન્ટર્વ્યૂમાં કહ્યું હતું કે જ્યારે તેએ મિસ ઈન્ડિયાનો ખિતાબ જીત્યો, ત્યારે તેને એવું લાગ્યું કે તે કોઈ મોટી વાત નથી. પરંતુ બરાબર વીસ વર્ષ પછી, 1967માં, જ્યારે તેની દિકરી નકી જહાં, મિસ ઈન્ડિયા બની, ત્યારે પ્રમિલા ચોક્કસ ખૂબ જ ખાસ અનુભવી રહી હતી. કારણ કે પ્રમિલા અને નકી જહાં એકમાત્ર મા-દિકરીની જોડી હતી જે મિસ ઈન્ડિયા બની છે. અને આ રેકોર્ડ હજુ પણ અકબંધ છે. ને લગભગ તૂટી શકશે કે નહીં.

કહેવાય છે કે તેનો પરિવાર ઈચ્છતો ન હતો કે પ્રમિલા ફિલ્મોમાં કામ કરે. 17 વર્ષની ઉંમરે ઘરેથી ભાગી ગઈ, એક થિયેટર ગ્રુપમાં જોડાઈ. જૂના સમયમાં, જ્યારે સિનેમાઘરમાં રીલ બદલવામાં આવતી હતી, ત્યારે તેમાં લગભગ 15 મિનિટ લાગતી હતી. આ સમય દરમિયાન પ્રેક્ષકો કંટાળો ન આવે તે માટે, તેમના માટે કેટલાક ડાન્સ અને ગીત પર્ફોર્મ કરી મનોરંજન કરવામાં આવતું. તે એસ્થર તે રિસેસ દરમિયાન ડાન્સ કરતી. ત્યાં જ એક ફિલ્મ નિર્માતાએ એસ્થરને જોઈ અને “રીટર્ન ઓફ ધ તુફાન મેઈલ” નામની ફિલ્મમાં કાસ્ટ કરી. જે ફિલ્મ ક્યારેય પૂર્ણ ન થઈ.

એસ્થરે આખરે 1935 ની ફિલ્મ “ભિખારીન” માં પોતાનો અભિનય શરૂ કર્યો. આ ફિલ્મમાં, તેણે વેમ્પની ભૂમિકા ભજવી હતી. બાબુરાવ પેંઢારકરે તેને પ્રમિલા નામ આપ્યું, અને તે આ નામથી ફિલ્મોમાં પ્રખ્યાત થઈ. 1930ના દાયકાના મધ્યમાં શરૂ થયેલી પ્રમિલાનું કારકિર્દી 1960 શરૂઆત સુધી ચાલી.

પ્રમિલાનાં મિસ ઈન્ડિયા સ્પર્ધા જીત્યાના થોડા મહિનાઓ પછી, દેશનું વિભાજન થયું. અને થોડા વર્ષો પછી, પ્રમિલાના લગ્ન પણ ટૂટી ગયા. હકીકતમાં, પ્રમિલાએ એક સમયનાં જાણીતા અભિનેતા હસન અલી ઝૈદી સાથે લગ્ન કર્યા હતા. તે અભિનેતા તરીકે ઘણી ફિલ્મોમાં દેખાયા હતા. તેમનું સ્ક્રીન નામ કુમાર હતું. કુમારનું માનવું હતું કે તેની અભિનય કારકિર્દી પાકિસ્તાનમાં નવી ઊંચાઈએ પહોંચશે. તેણે પાકિસ્તાન જવાનું નક્કી કર્યું. પરંતુ કુમારના પાકિસ્તાન જવાના નિર્ણયથી પ્રમિલા નાખુશ હતી. એટલે તેણે સાથે જવાનો ઈનકાર કર્યો. ને કુમાર પ્રમિલા અને બાળકોને છોડીને 1963 માં પાકિસ્તાન ગયા. જો તમે મુઘલ-એ-આઝમ ફિલ્મ જોઈ હોય, તો તે કુમાર હતા જેમણે શિલ્પકારની ભૂમિકા ભજવી હતી. કુમાર સાથેના લગ્ન સમયે, પ્રમિલાએ નિકાહનામામાં પોતાનું નામ શબનમ બેગમ અલી લખ્યું હતું. પરંતુ તેણે ક્યારેય પોતાનો યહૂદી ધર્મ ત્યાગ ન કર્યો. જ્યારે કુમાર પાકિસ્તાન ગયો, ત્યારે પ્રમિલાએ તેને છૂટાછેડા આપી દીધા. કુમારને પહેલેથી જ એક પત્ની હતી જેનાથી તેને એક બાળક હતું, એટલે કુમાર તેમને સાથે પાકિસ્તાન લઈ ગયો. જ્યારે પ્રમિલા તેના બાળકો અને પરિવારના અન્ય સભ્યો ભારતમાં જ રહ્યા. એક મુલાકાતમાં, પ્રમિલાએ કહ્યું કે તેનો આખો પરિવાર ભારતમાં હતો, તેથી પાકિસ્તાન જવાનો તેના માટે કોઈ અર્થ નહોતો. તેથી, તે જતા પહેલા તેઓએ છૂટાછેડા લીધા. પતિથી અલગ થયા પછી, પ્રમિલાએ તેના બાળકોનો એકલા ઉછેર કર્યો. તેના ભાઈ-બહેન અને પરિવારના સભ્યોએ તેને મદદ કરી.

એવું નથી કે પ્રમિલાજીનું જીવન ક્યારેય મુશકેલીમાં નહોતું આવ્યું. એક વખત, તે એક મોટા વિવાદમાં ફસાઈ હતી. તેને કારણે જેલમાં પણ જવું પડ્યું હતું. 1950 ના દાયકાની શરૂઆતમાં, પ્રમિલાને મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્યમંત્રી મોરારજી દેસાઈએ પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં જેલમાં ધકેલી દીધી હતી. તેની મિલકત જપ્ત કરવામાં આવી હતી. હકીકતમાં, પ્રમિલા એક ફિલ્મ નિર્માતા પણ હતી. તેમના પતિ, હસન અલી ઝૈદી, ઉર્ફે કુમાર સાથે, પ્રમિલાએ સિલ્વર ફિલ્મ્સ નામની એક ફિલ્મ કંપની શરૂ કરી હતી. અર્થાત્ પ્રમિલા ભારતની રહેલા મહિલા ફિલ્મ નિર્માતાઓમાંની એક હતી. ભાગલા પછી, પ્રમિલાની ફિલ્મો પાકિસ્તાનમાં પણ રિલીઝ થઈ હતી. અને ફિલ્મોના પ્રમોશન માટે પાકિસ્તાન જવું પડ્યું. આનાથી પ્રમિલા શંકાના દાયરામાં આવી. જાસૂસી કરવાના આરોપમાં જેલમાં ધકેલી દેવામાં આવી હતી, જોકે પછીથી તેણીને સન્માન સાથે નિર્દોષ જાહેર કરવામાં આવી હતી. તેની મિલકત પરત કરવામાં આવી. પરંતુ પ્રમિલા આ સમગ્ર મામલામાં ખૂબ જ પીડાઈ હતી. તેની ઈમેજને પણ નુકસાન થયું. પ્રમિલા તો વૈભવી જીવન જીવતી, તાજ હોટેલમાં સમય વિતાવતી વિવાદ પછી તેની આર્થિક સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે તેમને કોર્ટની સુનાવણીમાં હાજરી આપવા માટે બસ અને ટ્રામ દ્વારા આવવું પડતું.

**પ્રમિલાજીનું જીવન ક્યારેય મુશકેલીમાં નહોતું આવ્યું. એક વખત, તે એક મોટા વિવાદમાં ફસાઈ હતી. તેને કારણે જેલમાં પણ જવું પડ્યું હતું. 1950 ના દાયકાની શરૂઆતમાં, પ્રમિલાને મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્યમંત્રી મોરારજી દેસાઈએ પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં જેલમાં ધકેલી દીધી હતી તેની મિલકત જપ્ત કરવામાં આવી હતી. હકીકતમાં, પ્રમિલા એક ફિલ્મ નિર્માતા પણ હતી. તેમના પતિ, હસન અલી ઝૈદી, ઉર્ફે કુમાર સાથે, પ્રમિલાએ સિલ્વર ફિલ્મ્સ નામની એક ફિલ્મ કંપની શરૂ કરી હતી.**

પ્રમિલાની કામની વાત કરીએ તો, તેમની છેલ્લી ફિલ્મ ક્વેસ્ટ હતી, જે અમોલ પાલેકર દ્વારા દિગ્દર્શિત મરાઠી અને અંગ્રેજી ભાષામાં બની હતી જે 2006 માં રિલીઝ થઈ. 6 ઓગસ્ટ, 2006 ના રોજ 89 વર્ષની વયે પ્રમિલાનું અવસાન થયું. ●

## ગીતોમાં જેણે આત્મા રેડી દીધો તે રવિશંકર શર્માને મૃત્યુ સુધી શાંતિ ન મળી!



દર્દભરે નગમે

જો તમને કહેવામાં આવે કે તમે તમારા 100 મનપસંદ ગીતોની લિસ્ટ બનાવો તો તેમાં મોટાભાગનાં ગીત એક જ સંગીતકારના પસંદ કર્યા હશે. તે સંગીતકાર બીજા કોઈ નહીં પણ 70-80ના દાયકામાં હિન્દી ફિલ્મોમાં યાદગાર ગીતો આપનાર સંગીતકાર રવિશંકર શર્મા છે. તેમણે જે ગીતો આપ્યા તે આજે પણ દીકરીને વિદા કરતો પિતા મનમાં ને મનમાં ગાતો હશે ‘‘બાબૂલ કી દૂવાએં લેતી જા, જા તુજ કો સુખી સંસાર મિલે!’’ આ દીકરીના લગ્નના દિવસે પિતા પોતાની વ્હાલી દીકરી માટે દૂવા કરતો જ હોય કે દીકરીને સુખ અને શાંતિ મળે! કોને ખબર હતી કે જે પિતા એ તેના દીકરા માટે ‘‘તુજે સૂરજ કહું યા ચંદા, તુજે દીપ કહું યા તારા, મેરા નામ કરેગા રોશન જગ મેં રાજ દુલારા’’ એ જ દીકરાએ તેની એક્ટ્રેસ પત્ની સાથે મળીને સંગીતકાર રવિશંકરનું જીવવું જ હરામ કરી દીધું! બોલો હવે આને શું કહેશો?

જે પિતાએ દીકરાને ધ્યાનમાં આખી એક સદાબહાર ગીત રચ્યું તે જ દીકરો વૃદ્ધ પિતાને પત્ની સાથે મળીને હેરાન કરે, ખાવાનું ન આપે અને ટૂંકમાં જીવવાનું હરામ કરી દે છે!

રવિશંકર શર્મા એક એવું જ નામ છે. 1955 થી 2005 સુધી તેમણે ફિલ્મો માટે ગીતો રચ્યા. જેમણે ઘણી ફિલ્મોમાં ઘણા સદાબહાર ગીતો આપ્યા છે. જેણે હિન્દી અને સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ગીતોમાં તેણે પોતાનો આત્મા રેડી દીધો.

રવિજીને ત્રણ બાળકો હતા. બે પુત્રી અને એક પુત્ર અજય શંકર શર્મા. પત્નીના અવસાન બાદ રવિજીની સંભાળની જવાબદારી પુત્ર અજય પર આવી ગઈ હતી. અજયે વર્ષ 2000માં એક્ટ્રેસ વર્ષા ઉસગાંવકર સાથે લગ્ન કર્યા અને ત્યારબાદ પરિવારમાં વિવાદના સમાચાર સામે આવ્યા. અજય અને એક્ટ્રેસ વર્ષાએ રવિજીને ખૂબ ત્રાસ આપ્યો હતો. બંને વચ્ચેનો વિવાદ એટલો વધી ગયો કે રવિએ તેના પુત્ર અને પુત્રવધૂ પર ઘરેલુ હિંસાનો આરોપ પણ લગાવ્યો અને પોલીસમાં ફરિયાદ નોંધાવી. રવિજીને વર્ષ 1971માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

પરંતુ જીવન દુઃખથી ભરેલું જ રહ્યું. રવિજીની પત્ની કાંતિએ તેમને જલ્દી છોડી દીધા. 1983માં તેમનું અવસાન થયું. ત્યાર બાદ રવિ પોતાના જીવનમાં એકલતા અનુભવવા લાગ્યા. પુત્ર અજય અને પુત્રવધૂ વર્ષાથી અલગ થયા બાદ બંને પુત્રીઓ તેની સંભાળ લેવા આગળ આવી હતી. બંને પુત્રીઓએ તેમના વૃદ્ધ પિતાની તેમના અંતિમ દિવસોમાં સંભાળ લીધી. આખરે 7 માર્ચ 2012માં રવિજીનું અવસાન થયું.

જીવતા જેને શાંતિ ન મળી, તેને મર્યા પછી શાંતિ મળી હશે કે કેમ? તે એક સવાલ છે! શાનદાર સંગીત બનાવનાર આ સંગીતકારનો અંત કરુણ રહ્યો. ●



# વિનોદ મહેરા- બિંદિયા ગોસ્વામી : જૈસી કરની વૈસી ભરની!

ઓલ્ડ સ્પાઈસ

કોઈ પણ એક્ટર માટે રિલેશનને સિક્રેટ રાખવું એ કામ સહેલું હોતું નથી. એક્ટરોના લફડા અને પ્રેમ પ્રકરણની આવી ન્યૂઝ માટે રિપોર્ટરો અને દર્શકો બંને 24 કલાક જ સતર્ક રહેતા હોય છે. આ માત્ર આજની વાત નથી પણ 70-80ના દાયકાથી આ ચાલતું આવે છે. આજે એક એવા જ બોલિવૂડના મશહૂર એક્ટર વિનોદ મહેરા વિશે જાણીશું.

જ્યારે વિનોદ મહેરાનું બિંદિયા ગોસ્વામી સાથેનું અફેર શરૂ થયું ત્યારે વિનોદ મેરિડ હતા. તે સમયે, બંને કેટલીક ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું. વિનોદના મેરિડ હોવા છતાં, બિંદિયા તેમની નજીક આવતા ગયા. બંને સિક્રેટલી મળવા પણ લાગ્યા. પરંતુ એક દિવસ, બંનેનો સિક્રેટ લવ જાહેર થઈ ગયો. ત્યાર બાદ ફિલ્મ મેગેઝિનો ન્યૂઝપેપરોમાં બિંદિયા અને વિનોદના અફેર વિશે ફૂલ પેજ આર્ટિકલો પબ્લિશ થવાનું શરૂ થયું.

ત્યાં સુધીમાં, વિનોદના લગ્નને દસ વર્ષ થઈ ગયા હતા. પરંતુ જ્યારે બિંદિયા સાથેના તેમના અફેરના સમાચાર આવ્યા, ત્યારે વિનોદની પત્ની, મીના બ્રોકા ગુસ્સે થઈ ગઈ અને બીજી બાજું બિંદિયાનો પરિવાર પણ વિનોદ સાથેના તેના સંબંધથી ખુશ નહોતો.

મીનાના ભાઈઓએ વિનોદ અને બિંદિયાને કાં તો અલગ થવા અથવા પરિસ્થિતિનો સામનો કરવાની ધમકી આપી. પરિસ્થિતિ એટલી ખરાબ થઇ ગઈ કે વિનોદ અને બિંદિયા ઘરેથી ભાગી ગયા. એક સમયના બંને મોટા સ્ટાર દુનિયા અને તેમના પરિવારના ધ્યાનથી બચવા માટે, એક હોટલથી બીજી હોટલમાં છુપાઈને રહેવા લાગ્યા.

એવો સમય આવ્યો જ્યારે વિનોદની પહેલી પત્ની મીના બ્રોકાએ છૂટાછેડા આપવા તૈયાર થઈ. છૂટાછેડા પછી તરત જ, વિનોદ અને બિંદિયાએ લગ્ન કરી લીધા. બંને ખૂબ ખુશ હતા. પરંતુ આ ખુશી લાંબો સમય ટકી ન હતી. ચાર વર્ષ પછી, વિનોદ અને બિંદિયાએ છૂટાછેડા લીધા. બિંદિયાએ જે રીતે વિનોદ મહેરાને છૂટાછેડા આપ્યા તે વિનોદ માટે ખૂબ જ મુશ્કેલ અનુભવ હતો.

હકીકતમાં, બિંદિયાએ વિનોદ સાથે લગ્ન કર્યા હતા તે સમયે ડાયરેક્ટર J.P. દત્તાના પ્રેમમાં પડી ગઇ હતી એટલું જ નહીં J.P. દત્તા અને બિંદિયા એકબીજાથી ખૂબ નજીક પણ આવી ગયા હતા.

એક દિવસ, બિંદિયાએ વિનોદને છોડીને J.P. દત્તા સાથે લગ્ન કરી લીધા. કેટલાક લોકોએ કહ્યું હતું કે વિનોદે તેની પહેલી પત્ની મીના બ્રોકા સાથે જે કર્યું હતું, બિંદિયાએ તેમની સાથે પણ એવું જ કર્યું. જ્યારે કેટલાક લોકોએ કહ્યું હતું કે વિનોદનું સ્ટારડમ ઓછું થઈ રહ્યું હોવાથી, બિંદિયાએ તેમનાથી અલગ થવાનું જ શ્રેષ્ઠ માન્યું.



**એક દિવસ, બિંદિયાએ વિનોદને છોડીને J.P. દત્તા સાથે લગ્ન કરી લીધા. કેટલાક લોકોએ કહ્યું હતું કે વિનોદે તેની પહેલી પત્ની મીના બ્રોકા સાથે જે કર્યું હતું, બિંદિયાએ તેમની સાથે પણ એવું જ કર્યું. જ્યારે કેટલાક લોકોએ કહ્યું હતું કે વિનોદનું સ્ટારડમ ઓછું થઈ રહ્યું હોવાથી, બિંદિયાએ તેમનાથી અલગ થવાનું જ શ્રેષ્ઠ માન્યું**

બિંદિયાએ એક વાર ફિલ્મફેરને આપેલા ઈન્ટરવ્યુમાં આ વિશે વાત કરી હતી. તેણીએ કહ્યું હતું કે, વિનોદ ખૂબ જ સારા માણસ હતા, પણ મારું લક્ષ્ય J.P. દત્તા સાહેબ અને મારી દીકરીઓ નિધિ અને સિદ્ધિ હતું. હું હજુ પણ વિનોદજીની બહેન શારદા દીદીના સંપર્કમાં છું. તે મને ખૂબ પસંદ કરે છે. તે મારી દીકરીઓને આશીર્વાદ આપે છે. તેમના બીજા પતિ J.P. દત્તા વિશે વાત કરતાં બિંદિયાએ એક વાર કહ્યું હતું કે, J.P. દત્તાની સાદગી મને તેમના તરફ આકર્ષિત કરતી હતી. તેઓ શાંત છે. તેઓ વધારે બોલતા નથી. તેમને શરમનો સામનો કરવો પડતો નથી કારણ કે, તેઓ પૈસાદાર નથી. તે સમયે તેઓ ખૂબ જ ફેમસ ડાયરેક્ટર હતા, પરંતુ તેઓ હજુ પણ માહિમમાં એક બેડરૂમના ફ્લેટમાં રહેતા હતા. સૌથી અગત્યનું, તેઓ પરિવારલક્ષી હતા. જ્યારે મેં તેમની સાથે લગ્ન કર્યા, ત્યારે ઘણો હોબાળો થયો હતો. લોકોએ તેમની સાથે મારા લગ્નને મંજૂરી આપી ન હતી. પરંતુ અમે લગ્ન કર્યા. અને અમે ખુશ છીએ. 6 જાન્યુઆરી, 1962ના રોજ જન્મેલી બિંદિયા, જ્યારે હેમા માલિનીની માતાએ તેને એક પાર્ટીમાં જોઈ ત્યારે બિંદિયા માત્ર 16-17 વર્ષની. હેમાની માતાને લાગ્યું કે બિંદિયાના ચહેરામાં હેમા માલિની જેવું સામ્યતા દેખાય છે. એટલે કેટલાક પ્રોડ્યુસરોને બિંદિયાનું નામ સજેસ્ટ કર્યું. બિંદિયાએ 1976 માં આવેલી ફિલ્મ ‘જીવન જ્યોતિ’થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યો. બિંદિયાએ બાસુ ચેટર્જીની ફિલ્મ ‘ખટ્ટા મીઠા’માં પણ કામ કર્યું હતું. તે ફિલ્મમાં, બિંદિયાના કો-સ્ટાર રાકેશ રોશન હતા. સંયોગથી, ‘ખટ્ટા મીઠા’ પણ 6 જાન્યુઆરી, 1978 ના રોજ રિલીઝ થઈ હતી. ●




# એક જ વાર્તા પર આટલી બધી ફિલ્મ બની, એ કોઈને દેખાયું કેમ નહીં?

કિસ્સા કહાની

ફિલ્મ જગતમાં નવા અને અલગ વિષયને લઈને ઘણી ફિલ્મો આવી છે. અને જો કોઈ એવો વિષય મળી જાય કે જે લોકોને ખૂબ પસંદ આવે તો પછી તેના પર ફિલ્મો બનવાની બંધ જ ના થાય! એવો જ એક વિષય કે સ્ટોરી વિશે આજે આપણે જાણીશું. એક એવો વ્યક્તિ જે ગાયબ થઇ શકે તો કેવું કેવાય? હા, તમને તરત અનિલ કપૂર યાદ આવ્યો અને ફિલ્મ ‘મિ.ઈન્ડિયા’ની સ્ટોરી પણ નજર સામે આવી જ ગઇ હશે! ખરૂને?

પણ જો તમને કહેવામાં આવે તે આ વિષય પર તેની પહેલા પણ ઘણી ફિલ્મો બની ગઇ અને તે વિષય પણ એક નોવેલ આધારિત છે તો? હા, ‘મિ.ઈન્ડિયા’ 1987માં આવી, પણ બ્રિટીશ લેખક H.G. વેલ્સ ‘ધ ઈનવિઝિબલ મેન 1897માં આવેલી એક સાયન્સ ફિક્શન નોવેલ છે. ત્યાર બાદ ઈનવિઝિબલ મેનના કોન્સેપ્ટ પર ઘણી ફિલ્મો બની અને જે ઈન્ડિયા એટલે કે બોલિવૂડમાં બની તેની વાત કરીએ. 1938માં ફિલ્મ આવી ‘મિ.એક્સ’ જેના ડાયરેક્ટર હતા દ્વારકા ખોસલા. 1957માં પણ એક ફિલ્મ આવી ‘મિ. એક્સ’ જેના ડાયરેક્ટર હતા નાનાભાઇ ભટ્ટ. આ ફિલ્મના એક્ટરોની વાત કરીએ તો અશોક કુમાર, નલિની જયવંત વગેરે અને ત્યાર બાદ 1964માં ફિલ્મ આવી ‘મિ.એક્સ ઈન બોમ્બે’ જેના પ્રોડ્યુસર CM ઠક્કર અને એક્ટર કિશોર કુમાર અને કુમકુમ. આ ફિલ્મના ડાયરેક્ટર શાંતિલાલ સોની. 1971માં આવી એક ફિલ્મ ‘એલાન’ જેના પ્રોડ્યુસર હતા FC મહેરા અને એક્ટરોમાં વિનોદ ખન્ના, રેખા, વિનોદ મહેરા જોવા મળે છે. આ ફિલ્મમાં પણ ઈનવિઝિબલનો કોન્સેપ્ટ જોવા મળ્યો અને ત્યાર બાદ આવી 1987 માં ‘મિ.ઈન્ડિયા’ આવી પણ આ ફિલ્મનું નામ ‘મિ.ઈન્ડિયા’ નામ પર જ એક ફિલ્મ પહેલેથી જ બની ગઇ છે. 1961માં સિપ્પી ફિલ્મ કંપનીએ ‘મિ.ઈન્ડિયા’ ફિલ્મ બનાવી હતી. જેમાં એક્ટરની વાત કરીએ તો I.S જોહર અને ગીતા બાલિ જોવા મળ્યા. GP સિપ્પીની પ્રોડ્યુસ આ છેલ્લી ફિલ્મ છે.

GP સિપ્પી 7 ફિલ્મ પ્રોડ્યુસ કરવાના હતા તેમાંની જ 1987 માં ‘મિ.ઈન્ડિયા’ પણ હતી. આ ફિલ્મને ડાયરેક્ટર તરીકે રમેશ સિપ્પી તરીકે ફાઈનલ થયા. રમેશ સિપ્પીએ સ્ક્રિપ્ટ સાંભળીને થયું કે આ ફિલ્મમાં સ્પેશલ ઈફેક્ટની જરૂર પડશે. જેના કારણે ફિલ્મનું બજેટ ખૂબ વધી જશે. રમેશ સિપ્પી તે પહેલા ‘શાન’ ફિલ્મ માટે જેટલી આવક ધારી હતી તે પણ મળી ન હતી. ફિલ્મ ‘શાન’ના નુકસાનને કારણે રમેશ સિપ્પી હવે કોઈ ફિલ્મ જેનું બજેટ વધુ હોય અને જે ફિલ્મમાં રિસ્ક લેવું પડે તેવી કોઈ ફિલ્મ કરવા માટે તૈયાર ન હતા. સ્ક્રિપ્ટ રાઈટિંગનું કામ સલીમ-જાવેદને કરવાનું હતું. (ત્યારે સલીમ-જાવેદ સાથે કામ કરતા હતા.) અને હીરો એટલે કે મિ. ઈન્ડિયા અમિતાભ બચ્ચનને સાઈન કરવાના હતા. સલીમ-જાવેદને એમ કે ફિલ્મમાં હીરોનું કામ 15 દિવસનું જ છે અને આખી ફિલ્મમાં હીરોનો અવાજ જ છે એટલે અમિતાભને આ ફિલ્મ માટે વધુ પૈસા નહીં આપવા પડે! અને આમ પણ અમિતાભ સાથે સલીમ-જાવેદે ખૂબ કામ કર્યું છે તો અમિતાભને સલીમ-જાવેદ જે ફી આપશે તે સ્વીકારી જ લેશે!

**સલીમ-જાવેદને એમ કે ફિલ્મમાં હીરોનું કામ 15 દિવસનું જ છે અને આખી ફિલ્મમાં હીરોનો અવાજ જ છે એટલે અમિતાભને આ ફિલ્મ માટે વધુ પૈસા નહીં આપવા પડે!**

તેવા ઈરાદા સાથે અમિતાભ સાથે મિટિંગ ફિક્સ કરવામાં આવી પણ મિટિંગમાં અમિતાભના ભાઈ હતા અજીતાભે સલીમ-જાવેદ સાથે વાત કરી અને અજીતાભે ફિલ્મ માટે ખૂબ વધુ ફી માગી! સલીમ-જાવેદની પગની નીચેથી જમીન ખસી ગઈ અને ખરાબ લાગ્યું. અને ત્યાં જ વિચાર કરી નિર્ણય લઈ લીધો કે અમિતાભ સાથે ક્યારેય કામ નહીં કરે! અને ફિલ્મ ન બની શકી. ●